મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૮ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ડુંગળી-મરચાના ભાવમાં અચાનક ઉછાળો

ગાંધીનગર, તા.૯

ચોમાસાની સિઝનને પગલે શાકભાજીના ભાવમાં અચાનક ઉછાળો આવ્યો છે. શાકમાર્કેટમાં શાકભાજીની અછતને પગલે આ સમસ્યા ઉભી થઈ છે. શહેરના શાકમાર્કેટમાં રૂ.૩૦ થી ૪૦ ના કિલોના ભાવે મળતી શાકભાજીના ભાવ બમણા થઈ ગયા છે. ત્યારે રૂ.૧૦ માં કિલોના ભાવે વેચાતી ગરબોની કસ્તુરી રૂ.૪૦ ના ભાવે વેચાય છે. જેને પગલે વેચાણમાં પણ ભારે ઘટાડો નોંધાયો છે. જયારે શહેરમાં સામાન્ય દિવસોમાં રોજની અંદાજીત ૧૦.૦૦૦ કિલો ડુંગળીનું વેચાણ થાય છે. જેની સામે બજારમાં અત્યારે હાલના સમયે માંડ ૩૫ ટકા જેટલું વેચાણ થાય છે. જયારે મરચાનો ભાવ સાંભળીને ગૃહિણીઓના મોં પર તીખાશ જોવા મળે છે. રસોડામાં કાયમી રહેતા ડુંગળી-મરચાનો ભાવ આસમાનને આંબતા ગૃહિણોના બજેટ ખોરવાઈ જવા પામ્યું છે.

ગુજરાતમાં ડુંગળી સોરાષ્ટ્ર, રાજસ્થાન અને નાસિકથી આવે છે. ત્યારે વરસાદને પગલે ડુંગળીના પાકને નુકશાન થયું હોવાથી

માર્કેટમાં ડુંગળીની અછત સર્જાય છે. નાસિક તરફથી આવતી ડુંગળી પ્રમાણમાં ઓછી આવે છે. જેને પગલે ગાંધીનગર શહેરમાં છેલ્લા પાંચ દિવસથી ગરીબોની કસ્તુરી મોંઘી બની જવા પામી છે. અત્યાર સુધી રૂ.૧૦માં કિલોના ભાવે વેચાતી ડુંગળી રૂ.૪૦ ના ભાવે વેચાય છે. જયારે ડુંગડીની સાથે સાથે મરચાના ભાવમા પણ અચાનક ઉછાળો આવ્યો છે. રૂ.૩૦ થી ૪૦ ના કિલોના ભાવે વેચાતા મરચા અચાનક રૂ.૧૨૦ના ભાવે વેચાઈ રહ્યા છે. ત્યારે બજારમાં ડુંગળી અને મરચાના ભાવ વધતા નાગરીકો તેમજ વેપારીઓને પણ અસર થવા પામી છે. કેટલીક હોટલ રેસ્ટોરન્ટ તેમજ નાસ્તાની લારીઓ પરથી ડુંગળી અદૃશ્ય થઈ જવા પામી છે. જયારે આ બંન્ને વસ્તુનો ભાવ સાંભળી ગૃહિણીઓના મનમા તીખાશ આવી જાય છે. ત્યારે દરેક નાગરીકના રસોડામાં રહેતા ડુંગળી મરચા હાલના સમયે દેખાતા બંધ થઈ ગયા છે. ત્યારે આ ભાવ વધારો આગામી નવો સ્ટોક નહી આવે ત્યાં સુધી રહેશે તેમ વેપારીઓનું કહેવું છે.

@ગાંધીનગર

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ બાલકૃષ્ણ જોશી, પ્લોટ નં. ૧૩૨૪/૧, સે-૩-બી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના દિપકભાઈ જાની, આંગણ ફલેટ, ૫૬૦/૩ ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે બોળચોથ તથા રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ સુરેશકુમાર બી. પંડયા, પ્લોટ નં. ૪૮૦/૧, કિસાનનગર ખાતે રાત્રિના ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

મોટી આદરજના તળાવમાં ડુબી ગયેલા યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક મોટી આદરજ ગામમાં ગઈ કાલે ગામનો જ એક યુવાન તળાવમાં ડુબી ગયો હોવાની આશંકાએ ફાયર બ્રિગેડની ટીમે શોધખોળ શરુ કરી હતી પરંતુ મોડી સાંજ સુધી ભાળ મળી ન હતી. દરમિયાન આજે સવારના અરસામાં ડુબી ગયેલા આ યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. પેથાપુર પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે બપોરના અરસામાં મોટી આદરજ ગામના તળાવમાં ગામનો એક યુવાન ડુબી ગયો હોવાનો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડ અને પેથાપુર પોલિસને મળતા બંને ટીમો મોટી આદરજના તળાવ પાસે પહોંચી હતી. સાંજ સુધી તળાવમાં શોધખોળ કરવા છતાં યુવાનની ભાળ ન મળતા અંધારું થયા બાદ ટીમો પરત રવાના થઈ હતી. આજે સવારે આ યુવાનનો મૃતદેહ તળાવમાંથી તરતો મળી આવ્યો હતો. મોટી આદરજ ગામમાં જ રહેતો ૩૫ વર્ષીય યુવાન વસંતજી ઉર્ફે બોડાજી મહોતજી ઠાકોર ગઈ બપોરે તળાવમાં ન્હાવા પડયો હતો તે દરમિયાન પગ ખુંપી જતા ડુબી ગયો હોવાની શંકા છે. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ શરુ કરી છે.

શહેરમાં વિધવા સહાય પેન્શન મેળવવા મહિલાઓને ધરમધક્કા

ગાંધીનગર, તા.૯

વિધવા સહાય પેન્શન યોજના હેઠળ વિધવા મહિલાઓને માસિક પેન્શન મળે છે. આ પેન્શન યોજના અતર્ગત દર મહિનાની નિયત તારીખે એકાઉન્ટમાં જમા થઈ જાય છે. પરંતુ છેલ્લા બે ત્રણ માસથી કેટલીક વિધવા મહિલાઓના પેન્શન પોસ્ટ ઓફિસમાં કોઈ કારણોસર જમા થતા નથી. પોસ્ટ ઓફિસમાં મહિલાઓ તપાસઅર્થે જાય તો કલેકટર કચરી જાવ ત્યાં કોઈ કાગળ બાકી રહી ગયું હશે. તેથી પેન્શન આવ્યું નથી તેમ કરી યોગ્ય માહિતી કે ખુટતી વિગત જણાવ્યા વિના મહિલાઓને રવાના કરી દેવાય છે. સરકાર દ્વારા વિધવાઓને કારમી મોંઘવારીમાં થોડી ઘણી સહાય મળે છે તે મેળવવા પણ બે ત્રણ મહિનાથી કેટલીક મહિલાઓને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. ત્યારે સંકલનના અભાવ અને વહીવટી પ્રક્રિયા વચ્ચે તેઓને પેન્શન મેળવવા આમથી તેમ આંટા મારવાનો વારો આવ્યો છે. ત્યારે સરકાર દ્વારા મળતી સહાય પણ ન મળતા વિધવા પેન્શનરો નિરાશ થવા પામી છે. ત્યારે હવે તો પોસ્ટ વિભાગમાંથી ક્યારે પેન્શન મળે છે તેની મીટ માંડીને વિધવા મહિલાઓ બેઠી છે.

ચિલોડા સી.આર.સી. કક્ષાનો રમતોત્સવ યોજાયો

ચિલોડા, તા.૯

તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળા ખાતે સી.આર.સી. કક્ષાના રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં વ્યકિતગત રમતમાં ૧૦૦ મીટર દોડ, લાંબી કુદ, ગોળા ફેંક, યોગાસન વગેરેમાં ભાઈ-બહેનોની રમત યોજાઈ હતી. આ ઉપરાંત સાંઘિક કબડ્ડી-ખોખોની રમતોમાં ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં ચિલોડા ક્લસ્ટર વિભાગની ચિલોડા, ઈસનપુર મોટા મગોડી તથા રતનપુર લાટના ૧૦૦થી વધુ રમતવીરોએ ભાગ લીધો હતો.

ટોરેન્ટ રીસર્ચ સેન્ટરના રીસર્ચરનું રહસ્યમય મૃત્યુ

ભારે દવાના ડોઝ કે ઈન્જેકશનથી સ્યુસાઈડ કર્યું હોવાની ચર્ચા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર-ઈન્દિરાબ્રિજ પર આવેલા ભાટ ગામની સીમમાં સ્થિત ટોરેન્ટ રીસર્ચ સેન્ટર ખાતે રીસર્ચર તરીકે નોકરી કરતા યુવાનનું પોતાના ઘરે સુઘડ ખાતે ભેદી સંજોગોમાં મૃત્યુ નિપજયું છે. ઘરે યુવાન મૃત હાલતમાં મળ્યો પરંતુ ગળે ફાંસો કે ઝેરી દવાના કોઈ લક્ષણો ને નિશાનીઓ ન જણાતા રહસ્ય ઘેરુ બન્યું છે. જો કે પોતે દવાઓના રીસર્ચનું જ કામ કરતો હોવાથી કોઈ એવી ભારે દવાનો ડોઝ કે ઈન્જેકશન લઈને આપઘાત કર્યો હોવાની શંકા પ્રબળ બની છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અડાલજ નજીક સુઘડ ખાતે શ્રી બાલાજી રેસીડેન્સીમાં રહેતો ૨૯ વર્ષીય યુવાન નવીન દેશરાજભાઈ યાદવ મુળ હરીયાણાનો હતો અને છેલ્લા ચારેક વર્ષથી ભાટ પાસે આવેલી ટોરેન્ટ રીસર્ચ સેન્ટર ખાતે રીસર્ચર તરીકે કામ કરતો હતો. દોઢેક વર્ષ પહેલા તેના લગ્ન થયા હતા અને અઠવાડિયાથી પત્નિ પિયર ગયેલી હતી. નવીન યાદવની બહેન પણ બહારગામ ગયેલી હતી. નવીનને ફોન કરવાના અનેક પ્રયાસો બહારગામ ગયેલી બહેન કરતી હતી પરંતુ નવીન ફોન રીસીવ કરતો ન હતો. બહેને નવીનના એક મિત્રને ફોન કરીને કહ્યું કે ઘરે જઈને નવીન સાથે વાત કરાવ તે ફોન નથી ઉપાડતો. નવીનના ઘરે તેનો મિત્ર પહોંચ્યો તો દરવાજો અંદરથી બંધ હતો અને બાજુની કાચની બારીમાંથી અંદર ડોકીયું કર્યું તો તે મૃત હાલતમાં પડેલો હતો કેવી રીતે તેનું મૃત્યુ થયું તે બાબત હજુ સ્પષ્ટ થતી નથી. નવીને ભારે દવાના ડોઝ લઈને કે ઈન્જેકશન લઈને આપઘાત કર્યો હોવાની આશંકા છે. બીજી તરફ અડાલજ પોલીસે પીએમ કરાવી વિશેરા એફએસએલ મોકલી વધુ તપાસ શરુ કરી છે.

આઈ લવ
માય ગાંધીનગર

અશ્વિન શાહ
નિવૃત્ત નાયબ ઈજનેર
ગુજરાત વિદ્યુત બોર્ડ

ગાંધીનગર ગમે

ગાંધીનગરના મુખ્ય રસ્તાઓ ચોખ્ખા, પહોળા અને સારા, ચોવીસ કલાક વીજળી-પાણીની સુવિધા, પર્યાવરણ શુદ્ધ અને ચોખ્ખું, ચારેબાજુ હરિયાળી..... ખરેખર, ગાંધીનગરમાં વસનાર વ્યક્તિ નસીબદાર ગણાય.

નગરજનો

સેવાભાવી, સિક્ષણ પ્રત્યે જાગૃત, ઉત્સવપ્રિય તેમજ કલા અને સંસ્કૃતિના ચાહક છે અહીંના નાગરિકો. અહીંના ડૉકટર્સ પ્રમામમાં બીજાં શહેરો કરતાં સારા, પ્રામાણિક, સેવાભાવી અને સાચી સલાહ આપનારા છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

અહીં ઘણીબધી સેવાભાવી સંસ્થાઓ છે. જેમ કે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ભારત વિકાસ પરિષદ, જૈન સોશિયલ ગ્રુપ, કચ્છ સૌરાષ્ટ્ર મિત્ર મંડળ, કલ્ચરલ ફોરમ વગેરે. તેમાં પણ સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની પ્રવૃત્તિઓ બિરદાવવાલાયક છે.

નગરને બહેતર બનાવવા

દરેક સેક્ટર, તથા મુખ્ય રસ્તાઓ પરથી કૂતરાં અને ઢોર-ઢાંખરનો ત્રાસ દૂર કરવો જોઈએ.

ફૂટપાથની બાજુમાં બનાવેલ ફેન્સિંગમાં સાફસફાઈ કરીને ત્યાં પીપીપી મૉડેલથી ગાર્ડન, લોન વગેરે વિકસાવવી જેથી ગંદકી દૂર કરી શકાય અને પર્યાવરણની સુંદરતા પણ વધે.

નગર માટે હું કરી શકું

સેવાકીય પ્રવૃત્તિઓ માટે પ્રવૃત્ત છું અને હંમેશાં તૈયાર છું.

કચ્છ મિત્ર મંડળનો સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના કચ્છ મિત્ર મંડળ દ્વારા દર વર્ષે ડિસેમ્બર માસના ત્રીજા રવિવારે બાળકોનો સરસ્વતી સન્માન કાર્યક્રમ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવે છે. આ વર્ષે પણ આ કાર્યક્રમનું આયોજન કરવાનું હોઈ કચ્છ મિત્ર મંડળ પરિવારના બાળકોની માર્કશીટ તા. ૩૦મી નવેમ્બર પહેલા સ્થાનિક પ્રતિનિધિને પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જે બાળક કે વાલી તેમની કોઈ કૃતિ રજુ કરવા માંગતા હોય તેમણે તા. ૩૦મી સપ્ટેમ્બર પહેલા વર્ષાબેન મહેતાનો મો.નં. ૯૪૨૮૦૪૯૦૦૮, પ્રજ્ઞાબેન જોષી મો.નં. ૦૭૯-૨૩૨૧૦૧૭૫ અથવા રમાબેન પંચાલ મો.નં. ૯૭૨૩૦૧૦૬૦૧ નો સંપર્ક સાધવા જણાવાયું છે. આ સાથે વર્ષ દરમિયાન કોઈનું પણ રમતગમત, શિક્ષણ કે અન્ય કોઈ પણ ક્ષેત્રમાં ખાસ યોગદાન હોય તો તેની વિગત પહોંચાડવા પણ જણાવાયું છે. આ કાર્યક્રમ અંગે વધુ વિગત જાણવા માટે મોબાઈલ નંબર ૯૪૨૭૮૦૧૪૦૩ અથવા ૯૮૨૫૦૨૯૩૪૦ પર સંપર્ક સાધવા સંસ્થાના મંત્રી નિલેન્દુ વોરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

શાહપુર પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા.૯

શાહપુર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા શાળાના મેદાનમાં વૃક્ષારોપણ દરમિયાન ઉછેરેલ છોડને રાખડી બાંધવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ છોડને ઉછેરવા માટે અને તેનું રક્ષણ કરવા માટેના શપથ પણ લીધા હતા. આ પ્રસંગે શાળાના તમામ શિક્ષકો અને એસએમસી અધ્યક્ષ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકો દ્વારા પર્યાવરણના જતન માટે કરવામાં આવેલ આ ઉત્તમ કામગીરીને બિરદાવી હતી.

રાજ્યપાલશ્રીને જન્મદિવસે મુખ્યમંત્રીશ્રીએ શુભકામનાઓ પાઠવી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીને તેમના જન્મદિને આજે તા. ૯ ઓગસ્ટ બુધવારે પ્રત્યક્ષ મળીને શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રી આજે સવારે રાજભવન પહોચ્યા હતા અને રાજ્યપાલશ્રીને પુષ્પગુચ્છ અર્પણ કરી દીર્ઘાયુ તથા તંદુરસ્ત જીવનની જન્મદિવસ શુભકામનાઓ આપી હતી.

મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત ગાંધીનગર ખાતે મહિલા કલ્યાણ દિવસની ઉજવણી

ગાંધીનગર જિલ્લાના ૧૦ ગામોમાં મહિલા વિલેજ કોર્ડિનેટર તરીકે નિમણુંક પામનાર ૧૪ મહિલાઓને કલેકટરશ્રીના હસ્તે નિમણુંક પત્રો અપાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત આજરોજ મહિલા કલ્યાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે

અંતર્ગત ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના હસ્તે નારી સંરક્ષણ ગૃહ, સેકટર-૧૨ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ૧૪ બેનોને વિલેજ કોર્ડિનેટર તરીકેના નિમણુંક પત્રો આપવામાં આવ્યા હતા. તેમજ ૧૦ વિધવા મહિલાઓને સિલાઈ મશીન આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે સમાજ- પરિવારના વિકાસ માટે મહિલાઓમાં શિક્ષણ ખૂબ જ જરૂરી છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. તેમજ રાજય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલી મહિલા લક્ષી વિવિધ યોજનાઓની ટુંકમાં સમજ પણ આપી હતી.

નારી સંરક્ષણ ગૃહમાં યોજાયેલ કાર્યક્રમમાં વીસીએચએસ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં છાલા, ખોરજ, ચરાડા, માણેકપુર, રિદ્રોલ, સાંતેજ, પલિયડ, પાનસર, વેડા અને બાલવા ગામ ખાતે ૧૪ મહિલાઓની વિલેજ કોર્ડિનેટર તરીકે નિમણુંક કરવામાં આવી હતી. તેમજ નિમણુંક પત્રો કલેકટર શ્રી સતીશ પટેલના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ એક મહિનાની સીવીણની તાલીમ લેનાર ૧૦ બહેનોને સિલાઈ મશીન આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કલેકટર શ્રી સતીશ પટેલે સેકટર-૧૨માં આવેલા નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા દહેજ પ્રતિબંધિત અધિકારી શ્રી નિલેશ્વરીબેન ગોહિલ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

સરકારી વિજ્ઞાન કોલેજમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓની વરણી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરનાસે-૧૫માં સરકારી વિજ્ઞાન કોલેજમાં તાજેતરમાં

મળેલી વિદ્યાર્થી પ્રતિનિધિઓની બેઠકમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. કોલેજના બાયસેગ હોલ ખાતે મળેલી આ બેઠકમાં આચાર્ય કે.જી.છાયાની ઉપસ્થિતિમાં મેરિટના ધોરણે વિદ્યાર્થી પ્રતિનિધિઓ તથા હોદ્દેદારો નિમવામાં આવ્યા હતા.

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે વિદ્યાર્થી પ્રતિનિધિઓની બેઠકમાં વર્ષ ૨૦૧૭-૧૮ માટેના હોદ્દેદારોમાં નિરાલી પટેલની જનરલ સેક્રેટરી પદે તથા નિરાલી પ્રજાપતિની મહિલા પ્રતિનિધિ પદે વરણી કરાઈ હતી. આ ઉપરાંત આદિત્ય ગોસ્વામીની જીજીએસ પદે, માનસી જોષીની સીજીએસ પદે તથા વિવિધ વર્ગ પ્રતિનિધિઓ માટે હર્ષ ભટ્ટ, ખુશ્બુ પટેલ, હિતેષ કુમારખાણીયા, નિશા બિહોલા, તૃપ્તિ પટેલ, રૂચિતા વાગડીયા, જિજ્ઞેશ વાણિયા તથા રમેશ ચૌધરીની પસંદગી કરવામાં આવી હતી. તમામ હોદ્દેદારો તથા વિદ્યાર્થી પ્રતિનિધિઓને સમગ્ર કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ગાંધીનગર વણકર સમાજની વાર્ષિક સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર વણકર સમાજ, ગાંધીનગરની વર્ષ ૨૦૧૬-૧૭ની નવમી વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૧૨-૮-૨૦૧૭ને શનિવારના રોજ બપોરના ૪.૦૦ કલાકે રામજી મંદિર, સે-૩-ડી, ગાંધીનગર ખાતે યોજાશે.

આ સાધારણ સભામાં વર્ષ ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ અને હિસાબો ઉપરાંત વર્ષ ૨૦૧૭-૧૮થી ત્રણ વર્ષ માટે નવા ટ્રસ્ટી મંડળની રચના કરવામાં આવનાર છે તથા વણકર ભવન માટે સરકાર પાસેથી જમીન મેળવવાની માગણીના સમર્થનમાં તા. ૧૦-૯-૨૦૧૭થી શરુ કરવામાં આવનાર ઉપવાસ આંદોલન અંગેની વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવશે. તેમજ સંસ્થા દ્વારા સમાજના ગરીબ અને હોંશિયાર વિદ્યાર્થીઓને મેડીકલ અને એન્જિનિયરીંગમાં અભ્યાસ માટેની આપવામાં આવતી 'શિક્ષણ સહાય' બાબતે વધુ વિચારણા કરવામાં આવશે. આ અગત્યની બેઠકમાં અચૂક સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના ઉપપ્રમુખ અને પ્રવકતા મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા સર્વે સભ્યોને અનુરોધ કરવામાં આવે છે.

સહયોગ મંડળે વૃદ્ધોને શ્રાવણ માસમાં ધાર્મિક યાત્રા કરાવી

ગાંધીનગર, તા.૯

સહયોગ મંડળ ગાંધીનગરે ગાંધીનગરમાં આવેલ આમ્રપાલી વૃદ્ધાશ્રમમાં જે નિરાધાર વૃદ્ધો આશ્રય લઈ રહ્યા છે તેમને શ્રાવણ માસના પવિત્ર માસમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની મંજુરીથી નિઃસહાય વૃદ્ધોને ગાંધીનગરથી ચોટીલા ઝાડેશ્વર મહાદેવ (વાંકાનેર) સોમનાથ, વિરપુર, ખોડલધામના ધાર્મિક સ્થળોએ દર્શન કરાવાનો લહાવો લીધો હતો.

આમ્રપાલી વૃદ્ધાશ્રમના વૃદ્ધોને પ્રવાસ દરમિયાન સહયોગ મંડળના મોતીભાઈ ચૌધરી, શૈલેષભાઈ ખરાદી, ભગુભાઈ પટેલ, ડાહ્યાભાઈ પટેલ, ભાઈલાલભાઈ પટેલ તેમજ ભાવસારભાઈએ યોગદાનઆપ્યું હતું. લક્ષ્મી બેકરી દ્વારા ૫૦૦ બોટલ પાણી તેમજ ફ્રુટીની આપવામાં આવી હતી. જયારે રાધે સ્વીટસ તરફથી ફરાળી નાસ્તો આપવામાં આવ્યો હતો.

સહયોગ મંડળના સભ્ય ભગુભાઈ પટેલ, બહેચરભાઈ પ્રજાપતિ, દશરથલાલ એમ. પરમાર, દિલીપસિંહ રાજપુત, રોહિતભાઈ, રતિભાઈ સુથાર, શૈલેષભાઈ ખરાદી, ઉલ્લાસભાઈ, દશરથભાઈ પટેલ વગેરેએ શકય તેટલી સેવા કરી વૃદ્ધાશ્રમના વૃદ્ધોને શ્રાવણ માસમાં દેવાના દર્શનાર્થે લઈ જઈ ખુશ રાખવાનો પ્રયત્ન કર્યો હતો.

બોધી સપ્તાહની ઉજવણી ૧૭મી સપ્ટેમ્બરે કરાશે

ગાંધીનગર, તા.૯

આગામી તા. ૧૭મી સપ્ટેમ્બરથી ૨૩મી સપ્ટેમ્બર સુધી ગુજરાતમાં વિવિધ સ્થળોએ બૌદ્ધ ધર્મના અંગેના કાર્યક્રમો યોજાશે. જેનું ઉદઘાટન તા. ૧૭મી સપ્ટેમ્બરે કરાશે અને પુર્ણાહુતિ તા. ૨૩મી સપ્ટેમ્બરે કરાશે.

બોધી સપ્તાહમાં જાપાનના વડાપ્રધાન, ભારતના વડાપ્રધાન, દલાઈ લામા, શ્રીલંકાના મીનીસ્ટરો તેમજ વિવિધ દેશોના ૫૦૦થી વધુ બૌધ્ધ ભીખ્ખુઓ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ વગેરે હાજર રહેશે. સદર કાર્યક્રમો શામળાજી કે જયાંથી ભગવાન બુધ્ધના અસ્થિ મળેલ છે ત્યાં, વડનગર ભગવાન બુધ્ધનો ભિખ્ખુણી વિહાર નીકળેલ છે ત્યાં, રાજકોટ, જૂનાગઢ અને વડોદરા ત્યાં યોજાશે. તેમજ પ્લોટ નં. ૧૭૨/૨/૧૬૯/૧, શર્મા હાઉસ, સે-૭, ચૌધરી કોલેજ પાસે આ અંગે તૈયારીના ભાગરુપે આવતીકાલે તા. ૧૦-૮-૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ કલાકે મિટીંગ રાખેલ છે તો હાજર રહેવા સૌ બોધ્ધ ભિખ્ખુ ભન્તેને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

ચિરવિદાય

● સ્વ. સીતાબેન બાબુજી ઠાકોર, ઉ.વ. ૭૦